# ‘અંગારક યોગ’ વિનાયક ચતુર્થી



ધર્મ દર્શન
બાળકૃષ્ણ વડનેરે

ગણપતિ ભગવાનનો ઉપવાસ દર માસે સુદ અને વદ પક્ષની ચતુર્થી તિથિ પર રાખવામાં આવે છે. જ્યારે આ ચોથ મંગળવારના દિવસે આવે ત્યારે ‘અંગારકી ચોથ’ તરીકે ઉજવાય છે કારણ તે દિવસે અંગારક યોગ હોય છે. અંગારક યોગની ચોથથી જ ગણેશ ભક્તો ચોથ કરવાનો પ્રારંભ કરે છે. તે સવારે અન્ન પ્રાશન ન કરાય અને સાંજે ગણેશ ધ્યાન, પૂજન, અર્ચન અને રાત્રે ચંદ્રદર્શન કરીને ભગવાનને મોદકનો, ગોળ કોપરાનો નૈવેદ્ય ધરીને અન્ન પ્રાશન કરે છે.

આપણું ઈષ્ટ કાર્ય સિદ્ધ થાય અને દરેક શુભ કાર્યના પ્રારંભે આપણે શ્રી ગણેશ ભગવાનને વંદન કરતા હોઈએ. કારણ તે જ વિઘ્નહર્તા દેવ છે. આ વર્ણન પુરાણગ્રંથમાં આવે છે. ગણેશપુરાણ એ ગણપતિનો મહાગ્રંથ છે. મુદગલ પુરાણમાં ગણેશજીના વિરાટ સ્વરૂપનું વર્ણન આવે છે. બધા જ ઋષિ-મહર્ષિઓએ, સંત-મહંતોએ, કવિ અને સાહિત્યકારોએ પોતાની કૃતિઓમાં સર્વ પ્રથમ ગણેશજીની સ્તુતિ કરી છે. કારણ ગણેશ વિદ્યાધર છે. ગણ અને સમુદાયનો આધાર, આશ્રય અને શક્તિ આપનારો છે. માનવ મનદેવતાની આશાને આવેલો સર્વ પ્રથમ અંકુર છે.

બધાની નિર્મિતીનું પ્રથમ પુષ્પ ગણેશચરણમાં અર્પણ થાય છે. શ્રી ગણેશ બુદ્ધિનો દાયક છે, સિદ્ધિનો નાયક છે અને વિઘ્નોનો નાશક વિનાયક છે. પુરાતન સમયથી આજ સુધી શ્રેષ્ઠ જીવનમૂલ્યના આચરણથી સત્ય-શિવ-સુંદરતાનું અધિષ્ઠાન પ્રાપ્ત કરી આપનાર ગણેશ ઉપાસનાનું માનવજીવનમાં અતિ મહત્ત્વનું સ્થાન છે અને આજના આ યુગમાં તે મહત્ત્વનું છે.

એટલે ગણેશ ઉપાસનામાં સપ્તાહમાં મંગળવારનો દિવસ છે અને માસિક ઉપવાસમાં સુદ અને વદ ચતુર્થી સુદમાં વિનાયકી ચોથ અને વદમાં ‘સંકટ ચોથનો’ ઉપવાસ શ્રેષ્ઠ લાભકારક છે, તે ઉપવાસ મંગળવારે આવનારી ચતુર્થી દિવસથી કરાય છે અને વ્રત બંધ કરવું હોય તો પણ અંગારક ચોથના દિવસે ઉદ્યાપન કરીને વ્રતની સાંગતા કરાય છે. ત્યારે ગણપતિ અથર્વશીર્ષનો પાઠ કરાય છે.ગણેશભક્તિ એક શ્રેષ્ઠ વ્રત છે. પવિત્ર સાત્ત્વિક અને માનસિક સુખ આપનારું વ્રત છે. અનેક શુભ પ્રસંગે ગણેશ દેવતાના નામના બદલે ‘ૐ’ એમ પ્રણવનો ઉચ્ચાર કરતા હોય. ‘ૐ એ ગણેશજીનું જ પ્રતીક છે. ૐ એ જ ગણપતિ દેવનું દ્યોતક છે. આમાં અ-ઉ-મ એમ ત્રણ શબ્દોનો ઉચ્ચાર છે. જે વિષ્ણુ-શિવ અને બ્રહ્માજીના અનુક્રમે નિદર્શક છે. એટલે વેદ - પુરાણ - ઉપનિષદ આદિ ગ્રંથોમાં પ્રણવ ૐથી શરૂઆત થાય છે. ૐ નમો ભગવતે વગેરે -શ્રી ગણપતિ અથર્વશીર્ષ, ગણેશ સહસ્રનામાવલી, ગણેશસ્તુતિ એવી અનેક ગણેશ આરાધનાની ચોપડીઓ છે.

શ્રી નારદ ઉવાચ-

‘વક્રતુંડ- એકદંત- કૃષ્ણવિંગાક્ષ ગજવક્રમ |
લંબોદર- વિકટમેવ-વિઘ્નરાજ ધૂર્મ વર્ણમ્ ||
ભાલચંદ્ર-વિનાયક-ગણપતિ-ગજાનનમ્ |
ચેતાની દ્વાદશનામાની ગણેશસ્ય આરાધના ||’

ઉપરોક્ત બાર નામનું ગણેશસ્ત્રોત પણ છે.

શ્રી ગણેશ ગજાનન દેવ એ આદ્યપ્રણવ ૐ સ્થાને છે. બધા જ દેવીદેવતા ગણેશપૂજન કરતા હોય છે. બધા ગ્રંથોનો પ્રારંભ ૐથી થાય છે અને બુદ્ધિનો કારક ગણેશ છે. અથ અને ઈતિ સુધી ગણેશ યોગકારક છે. તે દશભુજ, ષડ્ભુજ, ચતુર્ભુજ અને મુષકવાહન ગજાનન છે.

ગણેશ એટલે જ ‘ઈશ્વર’ પણ કહેવાય છે અને આપણે ઈશ્વરને વરુણ, પુરુષ, હિરણ્યગર્ભ, વિશ્વકર્મા, પ્રજાપતિ, બ્રહ્મા, રુદ્ર એમ નામથી ઓળખીએ છીએ.

**શ્રી ગણેશ બુદ્ધિનો દાયક છે, સિદ્ધિનો નાયક છે અને વિઘ્નોનો નાશક વિનાયક છે. પુરાતન સમયથી આજ સુધી શ્રેષ્ઠ જીવનમૂલ્યના આચરણથી સત્ય-શિવ-સુંદરતાનું અધિષ્ઠાન પ્રાપ્ત કરી આપનાર ગણેશ ઉપાસનાનું માનવજીવનમાં અતિ મહત્ત્વનું સ્થાન છે**

વિશ્વમાં અનેક અલગ અલગ નામથી ઈશ્વરને ઓળખે છે. જેમ અલ્લા, યેસુ, મહાવીર, બુદ્ધ, ઝ્યુસ, જ્યુપિટર, એલોહિમ, તાઓ અને બધા જ ઈશ્વરરૂપ છે અને ગણેશજીની પ્રત્માઓ વિશ્વમાં અનેક ઠેકાણે જોવા મળે છે. ગણપતિપૂજાવ્રત સર્વ દેવીદેવતાઓનું પૂજન છે. જ્ઞાન, બુદ્ધિ અને સર્વત્ર પ્રાણીઓથી સમભાવના પ્રાપ્તિનું સ્થાન ગણેશજી છે. વિદ્યા-અભ્યાસ, કલાકૃતિ, સૌંદર્ય ગણેશજી ભક્તોને આપે છે.

કાર્યસિદ્ધિ માટે પ્રારંભમાં મંગલાચરણકરનું ‘ૐ શ્રી ગણેશાય નમઃ | શ્રી સરસ્વત્યૈ નમઃ| શ્રી ગુરૂભ્યો નમ : | શ્રી ઈષ્ટદેવતાયૈ નમઃ | શ્રી કુલદેવતાયૈ નમઃ | ૐ સર્વાન્તર્વ્યાપ્ત પરબ્રહ્મ પરમાત્મને નમઃ |’

વક્રતુંડ મહાકાય સૂર્યકોટી સમપ્રભ | નિર્વિઘ્ન કુરુમે દેવ સર્વ કાર્યેષુ સર્વદા ||

સર્વદા સર્વ કાર્યેષુ નાસ્તિ તેષતામંગલમ્
યેષાં હૃદિસ્થો ભગવાન મંગલાયતનં હરિ : ||અસ્તુ||

# સુદામાચરિત્ર



પંચામૃત
નીલાક્ષી પરીખ

આપણે સૌ સુદામા ચરિત્ર શ્રવણ માટે સદભાગી બન્યા છીએ. એમાં દ્વારકાધીશ પ્રભુના ખૂબ ખૂબ આશીર્વાદ, કૃપા અને પ્રેમ પણ કારણભૂત છે. બેટ દ્વારકા તો પ્રભુનુ અંતઃપુર છે. આપ સૌ કથાથી તો સુવિદિત છો જ કે તાંદુલ લઈને આવેલા સુદામાની પ્રભુએ વિશેષ પ્રેમ અને લાગણી સાથે આગતાસ્વાગતા કરી. આપણે જોયું કે સુદામાની પત્ની સુશીલા એટલે કે સુબુધ્ધિ સમજદાર પત્ની જ સુદામાને શ્રીકૃષ્ણના દર્શને જવા પ્રેરિત કરે છે. સુદામા એને કલ્યાણીનું સંબોધન કરે છે. એટલે કે કલ્યાણ કરનારી બુધ્ધિ. પત્ની કલ્યાણી હોવી જોઈએ. નહીં તો આ લાવી દો. પેલું લાવી દો. તમે તો મારું ધ્યાન રાખતા નથી એવી ન હોય. પતિનું અને પોતાનું કલ્યાણ કરનારી હોવી જોઈએ. સુશીલા સમજાવે છે કે હું આપની પત્ની છું. સાથે આ છોકરાઓની મા પણ છું. છોકરીઓની ભૂખનું દુઃખ મારાથી જોવાતું નથી. વળી હું કયાં કહું છું કે માંગવા જાવ નાથ! મારી તો એ વિનંતી છે કે આપ દ્વારકાનાથના દર્શને જાવ. સુશીલાને મનમાં ખાત્રી છે કે પ્રભુ પાસે માંગવું નહીં પડે. એ અંતર્યામી છે. કહે છે સુશીલા કે નાથ, આપને મારી વાત યોગ્ય ન લાગે તો કંઈ નહીં પ્રણામ કરી સુશીલાજી જતા રહ્યા. સુદામા માળા કરતા રહ્યા પણ મન માળામાં ન ચોંટ્યું. વિચાર કર્યો કે આ નારીએ મારી પાસે કોઈ દિ’ કંઈ માંગ્યુ નથી આજે એણે કંઈ કહ્યું ને હું ન માનું એ ઠીક નથી. વળી એની વાત તો સાચી છે. માંગવા જવાની વાત નથી. દર્શને જવાની વાત છે. મારું અચાનક વ્રત મને કૃષ્ણ દર્શનમાં આડુ આવે તો વ્રત શું કામનું? વ્રત એટલા માટે માણસ કરે કે ભગવાનના દર્શન થાયે. ના, ના સુશીલાની વાત સાચી છે. માળા આંખે અડાડી. ગોમુખીમાં નાખી આવ્યા સુશીલાની પાસે.દેવી, તું વિચારે છે છે કે હું દ્વારકાનાથના દર્શને જઈ આવું. સુશીલાજી રાજી થયા. પણ કહ્યું- નાથ મારો કોઈ દુરાગ્રહ નથી. આપને યોગ્ય લાગે તો. સુદામા કહે તારી વાત યોગ્ય વ દેવી, ઘણા વખતથી દર્શન નથી થયા. મળી આવુ. તૈયાર થયા. કપડાં તો બદલવાના ન હતા. જ્યા તૈયાર થયા પણ બોલ્યા ખાલી હાથે ન જવાય. કૃષ્ણના છોકરા મને કહેશે કે કાકા, અમારે માટે શું લાવ્યા? દેવ, ગુરુ પાસે ખાલી હાથે ન જવાય. દેવી, કંઈ હોય તો આપો. લઈ જાઉં. સુદામાજી દેવાની ભાવનાથી આવે છે. ભક્તો ખિસ્સામાં કઈ લઈને આવે દ્વારકાનાથને એ જ મજા આવે છે વાહ! ભક્તો સમજે છે કે ‘તારું દીધેલું તને દેવા આવ્યા છીએ. તેમાંથી થોડું દઈએ તો એમાં અમે શું અભિમાન કરીએ’. એક વૈષ્ણવે સરસ વાત કરી. કોઈકે કીધું કે આ ભાઈ 10મો ભાગ ભગવાન માટે કાઢે છે. તો વૈષ્ણવે કહ્યું નહીં, ભાઈ હું 10મો ભાગ ભગવાન માટે કાઢનારો કોણ? એ તો મારા દ્વારકાવાળો ઉદાર છે કે એક જ ભાગ પોતે રાખે છે ને 9 ભાગ મને આપે છે! પોતે એક ભાગમાં સંતોષ માને! અમે આપવાવાળા કોણ? સુદામા કહે ખાલી હાથે ન જવાય. સુશીલા વિચારે કે ઘરમાં કંઈ હોય તો છોકરાં ભૂખ્યા થોડા સૂતા હોત? પાડોશમાં ગયા. ભગવાનના ભક્ત વૈષ્ણવનું ઘર છે, પવિત્ર, ક્યારેક બહુ જરૂર પડે તો ત્યાં ઉછીનાનો વહેવાર, માંગવાનો નથી. પણ બહેનોનો વાટકી વ્યવહારહોય ને. મેં’માન આવ્યા છે એક વાટકી ખાંડ આપો ને, અમારે આવશે એટલે પાછી આપી દઈશું. પુરુષ પાછો પડે ને ત્યારે બહોનો વાટકી વ્યવહાર ઘણીની આબરૂ રાખે. સુશીલાજી વૈષ્ણવને ઘેર ગયા. વૈષ્ણવ રાજી રાજી થયા કે તપસ્વી બ્રાહ્મણના પત્ની મારા આંગણામાં. મારું આંગણુ પાવન થયું. પધારો, પધારો મા પધારો, મા પધારો. ગરીબ પણ તેજસ્વી નારી બોલી. ભાઈ જયશ્રીકૃષ્ણનું શું કામ હતું મા ?ચાર જ મુઠ્ઠી પૌંઆ આપોને હોય તો. પાછા આપી જઈશ. અરે મા, શું વાત કરો? બધું તમારું જ છે. ચાર મુઠ્ઠી શું, જોઈએ એટલા આપું. ફાટલા સાડલાનો છેડો ધર્યો ને વૈષ્ણવે પોતાની હૂંડીમાંથી 1 મુઠ્ઠી, 2 મુઠ્ઠી, 3-4 નાંખીને તો કહે બસ, બાપા હવે ન જોઈએ. લઈ જાવ. કહે-બસ, પાછું આપી જઈશ. 4 મુઠ્ઠી પૌઆ ઘરે લાવી, પોટલીમાં બાંધી સુદામાને આપ્યા. પૂ. ગુરુદેવ આનો સુંદર અર્થ બતાવતા કહે છે કે સુદામા. કામ એટલે રસ્સી, રસ્સી એટલે ગુણ. પ્રકૃતિ ત્રિગુણાત્મિકા છે. પ્રકૃતિના ગુણથી સુ-સારી રીતે મજબૂત રીતે બંધાયેલો એવો જીવ એ જ સુદામા. જીવ અને શિવ નિત્ય સખા છે. જીવ ભગવાનને ભૂલી જાય એટલે જીવનમાં ધરિદ્રય દુઃખ આવે છે. ત્યારે સુશીલા એટલે પત્ની સુબુધ્ધિ જીવને યાદ દેવડાવે પ્રભુના દર્શન માટે એને પ્રેરિત કરે અને જીવ 4 મુઠ્ઠી (ચાર મુઠ) પૌંઆ એટલે કે- ચાર પુરુષાર્થ-ધર્મ, અર્થ, કામ અને મોક્ષ લઈને જેટલા પ્રમાણમાં કમાણી સિધ્ધ કરી હોય એને લઈને પ્રભુને મળવા જાય. જ્યારે મળવા આવે, દ્વારકાનાથના દર્શને આવે, ભગવાન તો યુગોથી વાટ જોઈએ ઊભા છે. દ્વારકાવાળો ઊભો છે કે કે દિ’ આવે. વાટ જુએ કે આ જીવ સંસારમાં જ ભટકતો રહેશે? મને ભૂલી ગયો ! આવતા રહેજો વાલા, સમયે સમયે આવતા રહેજો. આપણને તો રાજીપો થાય પણ આપણા ભગવાનને આપણા કરતાં વધારે રાજીપો થાય. સુદામાજીએ લાકડી હાથમા લીધી અને પૌંઆની પોટલી લઈને ચાલ્યા. દ્વારકાનાથને મળવા. ‘ચલે શ્યામ સુંદર સે મિલને સુદામા. ગાતે જાતે મગ મેં (રાસ્તે મેં) હરે કૃણ રામ’. શ્રીકૃષ્ણ ગોવિંદ હરે મુરારે હે નાથ, નારાણય વાસુદેવ. (સુદામાજીનું દ્વારકા પ્રયાણ એ રસપ્રદ વાતો હવે પછી). પૂ. રમેશભાઈ ઓઝા (પૂ. ભાઈશ્રીના સત્સંગને આધારે)

**એ તો મારા દ્વારકાવાળો ઉદાર છે કે એક જ ભાગ પોતે રાખે છે ને 9 ભાગ મને આપે છે! પોતે એક ભાગમાં સંતોષ માને! અમે આપવાવાળા કોણ?**